સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

જિતેંગે નહીં તબતક મંદિર નહીં બનાયેંગે,
બહુમત મિલને તક મંદિર નહીં બનાયેંગે,
મંદિર નહીં બનાયેંગે, રખેંગે બાન 'રામ' કો ભી -
ઢંઢેરે કી શોભા-સૂત્ર હૈ - 'મંદિર વહીં બનાયેંગે'!

હાઈકુ

આમ આદમી,
પરિણામ પ્હેલાં જ
ખાય છે માર..
(ષડયંત્ર નો ભોગ)

બંગ વાઘણ,
પંચ ની સામે પણ -
નાખે છે ત્રાડ
(અનાદર..)

ચિંતન

યસ્મિન રૂષ્ટે ભયં નાસ્તિ, ભુષ્ટે નૈવ ધનાગમઃ । નિગ્રહા અનુગ્રહૌ ન સ્તઃ સ રૂષ્ટઃ કિં કરિષ્યતિ ॥

જેના ક્રોધ-કોપ કે ગુસ્સાથી કોઇને પણ કોઇ પણ જાતનો ભય ન થાય કે જેના સંતોષથી કોઇને- કોઇ પણ જાતનો (ધનલાભ) કે ફાયદો પણ ન થાય - અર્થાત્ જેનામાં કોઇને દંડ કે સજા કરવાનું સામર્થ્ય-શક્તિ કે સત્તા પણ નથી કે કૃપા-ઉપકાર કે મદદરૂપ થઇ શકવાની ક્ષમતા નથી એવી વ્યક્તિ કુપિત થાય - ગુસ્સો કરે કે ખુશ થાય એનાથી શું ફરક પડે?

લોકો સદાય ઉગતા સૂરજને પૂજે છે - સંસાર વ્યવહારમાં સત્તા-પદ-સમૃદ્ધિને કોઇ માન-સન્માન આપે છે. આવા લોકો ગુણ-લાયકાત હોય કે ન હોય છતાં 'સન્માનીય' બની જતા હોય છે. કારણ કે 'સમર્થ' છે. આવી વ્યક્તિનો વિરોધ કરનાર ફેંકાઇ જાય છે.

ગરીબ અને સત્તા-પદ વિનાનો માણસ શારીરિક ક્ષમતા પણ ન ધરાવતો હોય તો એની કોઇ કિંમત રહેતી નથી કારણ કે એનો 'ગુસ્સો' કે એનું 'ખુશ થવું' કોઇ ફલશ્રુતિ આપનારૂં હોતું નથી તેથી લોકો તેની નિર્ભય રીતે ઉપેક્ષા કરે છે.

સુવિચાર

- જીવન ઝરણું સમતલ ભૂમિમાં વહેવાની કોઇ ખાતરી કોઇને આપતું નથી, પરિસ્થિતિ સામે ઘુંટણીયે પડવાનું ઉચિત નથી તેમ રોદણા રડીને આત્મવિશ્વાસમાં ઓટ લાવવાનું પણ ઉચિત નથી — *- રત્નસુંદર સૂરીશ્વરજી*
- મનને મનનશીલ બનાવો તો ભગવાનની ગરજ સારશે.. અને હનનશીલ બનાવશો તો એ શૈતાનની ગરજ સારશે — *- જે. કૃષ્ણમૂર્તિ*
- ભણતર એ સલામતીનાં કિલ્લામાં કોચલું વાળીને બેસી રહેવાની તાલીમ નથી, પણ હારને ય જીતમાં પલટી નાખવાની આત્મવિકાસની રીત શીખવાની અને સાધવાની પ્રવૃત્તિ છે — *- એસ. ભટ્ટાચાર્ય*
- આપણે મતભેદ થોડા દૂર રાખીએ, ચાલને આજે બધુ મંજૂર રાખીએ, આવકારો જીંદગીને આપવો જો હોય, આ હૃદયમાં વાંસળીના સૂર રાખીએ — *- હરીન્દ્ર દવે*
- દુનિયા બડી હૈ બાંવરી, પથ્થર પૂજન થાય, ઘર કી ચક્કી પૂજે ના જીસકા પીસા ખાય — *- કબીર*
- ઇશ્વરની કૃપા હોય તો કાર્ય સિદ્ધ થાય, કૃપા ન હોય તો કાર્ય સિદ્ધ ન પણ થાય... પણ પુરૂષાર્થ ધર્મ બજાવ્યો એમ સંતોષ માણસ લઇ શકે — *- જૈન કથન*
- પ્રયોજન માટે પ્રવૃત્તિ હોય ત્યારે ફળની આશા રહે છે, આશા ફળે તો સુખ, ન ફળે તો દુઃખ, પ્રવૃત્તિ માટે જ પ્રવૃત્તિ એ નિષ્કામ પ્રવૃત્તિ છે, ફળ મળે કે ન મળે, કંઇ ફેર નથી પડતો — *- માનસ સૂત્ર*

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજે રાજાઓ અને રાજદરબાર રહ્યા નથી કલાકારો અને વિદ્વાનોનો 'રાજયાશ્રય' રહ્યો નથી. માન-સન્માન મેળવવા 'ગોઠવણ' કરવી પડે છે. જૂના સમયમાં રાજાઓ કલા અને કલાકારોની કદર કરી તેમનાં માન-સન્માનનો ખ્યાલ રાખતી...

વડોદરાના મહારાજા સયાજીરાવના દરબારમાં પખાવજના સારા કલાકાર 'આરિફ મિયાં' હતા. એમની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી પણ એ બાબતની ફરિયાદ પણ નથી હોતી...

એક રાત્રે કોઇ કાર્યક્રમમાંથી પખાવજ વગાડી આરિફ મિયાં પગ ચાલતા ઘેર જતા હતા. મોડી રાત હતી. રાત્રી ચર્યામાં નિકળેલા સયાજીરાવે એમને જોયા અને આરિફ મિયાંને પૂછ્યું, મિયાં અત્યારે મોડી રાત્રે આમ ચાલતાં ક્યાં ઉપડ્યા!

મિયાં, કહે - બાપુ! રાત્રે કોઇ સાધન કદી મળતું નથી. કાર્યક્રમ પુરો થાય પછી હંમેશા ચાલતા જ ઘેર જવું પડે છે. મહારાજા ત્યારે તો કંઇ બોલ્યા નહીં. બીજે દિવસે મિયાંને ત્યાં 'બગી' (ઘોડાગાડી) આવીને ઉભી રહી. સાથે રાજાની ચીઠ્ઠી હતી હવે તમારે બગી વિના ક્યાંય જવું નહીં. બગીનો ખર્ચ સરકાર ભોગવશે.

Email - sureshchandrabhatt18@gmail.com

ભક્તિયોગની સરળ વ્યાખ્યા એટલે શ્રદ્ધા અને સમર્પણભાવે પરમાત્માની ઉપાસના કરતી રહેવી

યોગ-તેના પ્રકારો (ભાગ-૩)

નિરામય
- ડૉ. કેદાર ઉપાધ્યાય

ગતાંકે આપણે યોગના મુખ્ય પ્રકારોની ચર્ચા કરી અને તેમાં સમાવિષ્ટ જ્ઞાનયોગ તથા કર્મયોગ વિષે વિસ્તારથી જોયું. આજે યોગના વધુ પ્રકારો પર નજર કરીશું.

● ભક્તિ યોગ : ભક્તિયોગની સરળ વ્યાખ્યા એટલે શ્રદ્ધા અને સમર્પણભાવે પરમાત્માની ઉપાસના કરતી રહેવી. ઇશ્વરના સાકાર કે નિરાકાર સ્વરૂપ, સદ્‌ગુરૂ તત્ત્વની આરાધના, એ ભક્તિયોગનું મુખ્ય લક્ષણ છે. ઇશ્વર કે ઓમકાર કે બીજમંત્રોના નામજપનો સમાવેશ પણ ભક્તિયોગમાં કરી શકાય. (જો કે નાદયોગમાં પણ નામજપ આવી શકે.) નામજપ એ સર્વસરળ ક્રિયા છે, જેમાં કોઇ પણ અવલંબનની જરૂર નથી. યોગદર્શન અને ભગવદ્ ગીતામાં ભક્તિયોગના આ માર્ગ વડે ઇશ્વરતત્ત્વ સુધી પહોંચી શકાય છે. તેના અનેક વર્ણનો મળે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસને ભક્તિયોગના પરમ ઉપાસક તરીકે ઓળખી શકાય.

● હઠયોગ : યોગનાં પ્રાચીન કે આદ્યગ્રંથોમાં હઠયોગ વિષે કોઇ વર્ણન પ્રાપ્ય નથી, પરંતુ નાથ સંપ્રદાયના યોગીઓએ આ પદ્ધતિ વિકસાવી હોય તેવું લાગે છે. ગીરક્ષસંહિતા, ઘેરંડસંહિતા, શિવસંહિતા તથા - હઠયોગ પ્રદિપીકામાં હઠયોગનું વિષદ વર્ણન પ્રાપ્ત છે. હઠયોગનો સંબંધ શરીર અને પ્રાણવાયુ (પ્રાણ) સાથે છે તેનું આ ગ્રંથો દ્વારા પ્રતિપાદિત થાય છે.

હઠયોગનો પૂર્વાકાળે હંસયોગ તરીકે ઓળખવામાં આવતો. પ્રાણ 'હં' ધ્વનિ સાથે બહાર નીકળે છે (ઉચ્છવાસ) અને 'સ' ધ્વનિ સાથે અંદર જાય છે. (શ્વાસ) આમ, દરેક વ્યક્તિ 'હંસ' નો નામજપ કરતી જ રહે છે. આ ઉપરાંત પણ હઠયોગ (હંસયોગ) ની બીજી અનેક વ્યાખ્યાઓ છે. એક વ્યાખ્યા મુજબ 'હં' એટલે સૂર્ય તેમજ પ્રાણવાયુ તથા 'ઠ' એટલે ચંદ્ર તેમજ અપાન વાયુ. આ બંને વાયુના પ્રાણાયામ દ્વારા નિરોધને હઠયોગ કહે છે. આ ઉપરાંત સૂર્યનાડી તથા ચંદ્રનાડી (અનુક્રમે ઇડા અને પીંગળા) સાથે પણ 'હઠ' શબ્દને જોડીને અનેક વ્યાખ્યાઓ ઉદિત થઇ છે.

હઠયોગ મુખ્યત્વે શરીર તથા શ્વાસોચ્છવાસ સાથે જોડાયેલ ક્રિયાઓ પર ધ્યાન આપે છે. વિવિધ પ્રયોગો વડે શરીર તથા શરીરાંગો પર કરવામાં આવતા પ્રયોગો તથા પ્રાણનો નિરોધ એ તેના મુખ્ય લક્ષણોમાં છે. જેમ કે, આસન, પ્રાણાયામ, મુદ્રા, નેતિ, ધૌતિ, નૌલી, બસ્તી, ત્રાટક, કપાલભાતિ આદિ. (વિષદ ચર્ચા આગળના અંકોમાં...) હઠયોગ એ, ઘણાં આચાર્યોના મત મુજબ યોગનો શોર્ટકટ છે. અષ્ટાંગ યોગમાં વર્ણીત દરેક પગથીયાંઓ પાર કરતા ઘણો સમય અને ધીરજનો ખર્ચ થાય છે. જયારે હઠયોગમાં વિવિધ ક્રિયાઓ દ્વારા યૌગિક સિદ્ધિઓ ઝડપથી મળે છે. હઠયોગમાં વર્ણીત અમુક ક્રિયાઓ સરળતાથી ગળે ઉતરે તેવી નથી. ક્યાંક - ક્યાંક તો આ ક્રિયાઓ યૌગિક સાત્વિકતા પર તરાપ મારતી હોય તેવું પણ લાગે. હઠયોગી જો મર્યાદાપૂર્વકનું કાર્ય ન કરે તો માર્ગચ્યુતિ થવાનો પુરો સંભવ છે. વિવિધ પ્રકારના કષ્ટદાયક આસનો વડે કલાકો, દિવસો સુધી શરીરને કેળવવું, પ્રાણોનો નિરોધ કરવો, વિવિધ મુદ્રાઓ વડે શરીર પર પ્રયોગો કરવા આદિ હઠયોગના વિવિધ પાસાઓ ખુબ કઠિન છે, જેમાં જીવનું જોખમ પણ રહેલું છે. આમ છતાં, આપણી વચ્ચે અનેક હઠયોગીઓ છે કે જેઓ પરોપકારની ભાવનાથી સંયમિત રીતે લોકકલ્યાણ અર્થે જીવન વ્યતિત કરે છે. ટૂંકમાં, શોરકર્ટ હંમેશા જોખમી હોય છે. બહુ સંભાળીન ચાલવું જરૂરી છે. (હઠયોગમાં વર્ણીત આસન, પ્રાણાયામ, મુદ્રા આદિ ક્રિયાઓ સરળ છે અને વ્યક્તિની capacity મુજબ કરવી જોઇએ. આ ક્રિયાઓથી સ્વાસ્થ્ય પણ જળવાય છે. વળી, આસન-પ્રાણાયામનો ઉલ્લેખ તો અષ્ટાંગ યોગમાં પણ છે જ. હઠયોગની Advanced જોખમી છે. જેમાં શરીર પર વિવિધ પ્રયોગ કરવામાં આવે છે. આ બધી ક્રિયાઓ કરતા પૂર્વે યોગ્ય માર્ગદર્શનનો સાથ-સહાય જરૂરી છે.

અત્યાર સુધીમાં વર્ણીત જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, રાજયોગ, હઠયોગ આદિને યોગના મુખ્ય પ્રવાહો ગણી શકાય, સમાયંતરે યોગનાં બીજા પ્રકારોનું પણ અસ્તિત્વ આવ્યું જેમાં કાયિક, માનસિક આધ્યાત્મિક સ્તર પર વિવિધ પ્રક્રિઓનો ઉલ્લેખ જોવા મળે છે. જેમ કે, નાદયોગમાં અનાહત નાદની ઉપાસના અને ધ્યાન કરવાનું વર્ણન છે. સ્વરોદય વિદ્યામાં બ્રાહ્મમુર્હૂત આવાગમન કરતાં પ્રાણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું વર્ણન છે. યોગનાં આ વિવિધ પ્રકારો અંતે એક જ સ્ટેશન પર લઇ જાય છે, એ છે પરમતત્ત્વની પ્રાપ્તિ. સાધકને રૂચે તે પદ્ધતિ વડે - માર્ગદર્શનના આદેશ મુજબ આ પંથ કાપી શકાય. યોગના પ્રકારો વિશે વધુ... આવતા અંકે...

જીવનમાં એક માત્ર સુખ છે પ્રેમ કરતાં રહેવું અને પ્રેમ પામતાં રહેવું

મુક્ત કરે તે પ્રેમ અક્ષયપાત્ર

- બકુલ દવે

There is only happiness in life, to love and be loved.
- Grorge Sand

(જીવનમાં એક માત્ર સુખ છે પ્રેમ કરતાં રહેવું અને પ્રેમ પામતાં રહેવું)

પ્રેમ છે તો આ વિશ્વ રળિયામણું છે, હર્યુભર્યું છે. પ્રેમની બાદબાકી થઇ જાય તો આ કશું ન રહે. લીલુંછમ રહેતું મનુષ્યનું અસ્તિત્વ અને આ દુનિયા બિલકુલ મરુભૂમિ શાં બની રહે. પ્રેમ છે તો માણસ છે, આ સમાજ છે. જો કે માણસ સંપૂર્ણ નથી - ન હોઇ શકે, પણ પ્રકૃતિએ એનામાં ચાહવાની શક્તિ મૂકી છે, જેના વડે એ પોતાની અપૂર્ણતાને ઢાંકી દઇ શકે છે.

પ્રેમ માણસની ભીતર નિરંતર વહેતી સરવાણી છે. મૂળભૂત લાગણી છે. પ્રેમનું રસાયણ, એનું મૂળ તત્ત્વ એક જ છે તોપણ એનું સ્વરૂપ અને રજૂઆત વ્યક્તિએ-વ્યક્તિએ અલગ-અલગ પરિવેશ અને સમયે બદલાતા રહે છે. અજવાળું ઘી પૂરેલાં દીવામાંથી પ્રગટે કે કેરોસીન ભરેલા કોડિયામાંથી પ્રસરે એટલો જ ફરક. અજવાળું તો અજવાળું તો અજવાળું જ હોય છે, એની બધી જ લાક્ષણિકતાઓ સમેત.

જયાં-જયાં માણસ તે સ્થળે કયારેક - કોઇને કોઇ રીતે પ્રેમનો ગુલાલ ઊડતો રહે છે. એનને કહ્યું છે, **'Its love, that makes the world go round'** અર્થાત્, એ પ્રેમ છે, જે આ દુનિયાનું સંચાલન કરે છે. એને ફરતી રાખે છે. પ્રેમની એક માત્ર શરત એ છે કે અન્યનું શ્રેય કરતા જઇ અપાર્થિવ સુખની અનુભૂતિ કરવી. કોઇને સુખ આપી, કોઇની પીડા ઓછી કરી રાજી થવું. છેવટે આ પ્રેમ શું છે? પ્રેમને શબ્દોમાં સમજાવવાનું અઘરૂં છે તોપણ પ્રેમ એ છે જયાં પોતાના સુખની બાદબાકી અને બીજાના સુખનો સરવાળો કરતાં રહીએ.

પ્રેમ એટલે વરસાદ ન હોય અને પ્રિયજનની અનુપસ્થિતિ હોય તોપણ એની સાથે વિતાવેલા પહેલા વરસાદની વાછટથી ભીના થઇએ. આપણે મુક્ત થતા જઇએ અને અન્યને મુક્ત કરતા જઇએ તે પણ પ્રેમ. પ્રેમ બાંધે નહીં, મુક્ત કરે. પ્રેમ એ પણ છે, જેમાં સંતાનોને જમાડતા પછી તપેલીઓમાં ખાસ કશું ન રહ્યું ત્યારે જમવા બેઠેલાં પતિ-પત્ની છેલ્લે વધેલો અડધો રોટલો એકબીજાને ખવડાવવા પરસ્પર આગ્રહ કરતાં હોય.

તે સમયે, મને ખાસ ભૂખ નથી એમ કહી પત્ની અડધા રોટલામાંથી નાનકડો ટુકડો પોતે રાખી, મોટો હિસ્સો એના પતિના થાળીમાં મુકી દે તે પણ પ્રેમ.

મધ્યમ વર્ગના પરિવારની સ્કૂલમાં જતી છોકરી. આખર તારીખોમાં ઘરમાં આર્થિક ભીંશ અનુભવાતી હોય ત્યારે પોતાના ખિસ્સાખર્ચમાંથી પાઇપાઇ કરી બચાવેલા પૈસા માતાપિતાની હથેળીમાં મૂકી દે છે, તેમાં નર્યો પ્રેમ હોય છે.

શ્રીમંત પરિવારમાં પરણાવેલી દીકરી પિયરમાંથી આવેલી સાવ સોંઘી સાડી પહેરી હરખાય અને સૌને કહ્યા કરે કે એ સાડી પોતાનાં માતાપિતાએ આપી છે, તે છે પ્રેમ.

કયારેય ભૂકંપની ધરતી ધણધણી ઉઠે, ભીષણ આગ લાગે કે પછી પૂરનાં પાણી ભયજનક સપાટીથી ઉપર જઇ રહ્યાં હોય અને સૌ જીવ બચાવવા માટે ભાગતાં હોય ત્યારે બીમાર અથવા તો વૃદ્ધને ભગવાન ભરોસે મૂકી દૂર ખસવાનો વિચાર સુદ્ધાં ન આવે તે પ્રેમ છે. આવી પ્રેમની ક્ષણોમાં માણસનું તેજ - એની પ્રભા વધી જતાં હોય છે. આ ક્ષણો દિવ્ય હોય અને પવિત્રતાથી હરીભરી. કોઇકે કહ્યું છે, **'There is nothing holier than love'** પ્રેમથી વધુ પવિત્ર બીજું કશું નથી.

ભારતના વડાપ્રધાનો : અંકશાસ્ત્રની દૃષ્ટિએ સુભગ સંજોગોના નિર્માણકર્તાઓ : એક અભ્યાસ અને વિશ્લેષણ

ભારતના વડાપ્રધાનો-આંકડાશાસ્ત્રની નજરે

- કિરીટ બી. ત્રિવેદી 'નિમિત'

માનવીના જીવનમાં એના જન્મના ગ્રહો અને જન્મ તારીખનું ખુબ જ મહત્ત્વ જોવા મળે છે. શાસ્ત્રોના અભ્યાસુઓ એના આધારે રાખી/નામના અક્ષરોનું આંકલન કરતા આવ્યા છે. સામાન્ય રીતે આપણી પ્રણાલી પ્રમાણે જન્મની રાશી પ્રમાણે વ્યક્તિનું નામકરણ કરવામાં આવે છે, જયારે અંગ્રેજીમાં જન્મના મહિના-તારીખને ધ્યાને લઇને ઘણી વખત રાશી-આકારો બદલાતાં જોવા મળે છે, પરંતુ ભવિષ્યની જાણકારી અંગે દરેક પદ્ધતિઓમાં સામાન્યત એકસૂત્રતા જોવા મળે છે.

પ્રાસંગીકમાં આ બાબતનો ઉલ્લેખ કરવાનું કારણ એટલું જ છે કે, આ એક અલગ પ્રકારનું વિશ્લેષણ કરવા માટેનું પ્રેરણાસ્ત્રોત બનેલ હતું અને કદાચ ભવિષ્યમાં પણ બને તેમ છે.

અંકશાસ્ત્રની દૃષ્ટિએ અમુક તારીખનું વ્યક્તિની સમગ્ર જીવનપથમાં એક યા બીજા સ્વરૂપે ચોક્કસ મહત્ત્વ જોવા મળે છે અને તેની અસર તળે હર્ષ-દુઃખની ઘટનાઓ આકાર પામતી જોવા મળે છે, આ બાબતને સંયોગ માનીએ તો પણ વાસ્તવિકતાને આપણે નજર અંદાજ કેવી રીતે કરી શકીએ.

ભારતના વડાપ્રધાનો વિશે એક તલસ્પર્શી અભ્યાસ અગાઉ પણ હાથ ધરવામાં આવેલ અને ત્યારે પણ કોઇ ચમત્કાર વિના જ નિર્ણયોચોક્કસ ગણિત મુજબ જ નજર સમક્ષ આવેલ. આ બાબતનુંફરીથી અભ્યાસ કરીને નવેસરથી નવા પરિમાણોને ધ્યાને લઇને વિશ્લેષણ અને આંકલન આપ સર્વે સમક્ષ મુકવાનું મુનાસિબ લાગ્યું છે એટલે જ લોક જાગૃતિ અર્થે જ અને વધુ અન્ય અભ્યાસુઓ આમાં જોડાય તેવા આશયથી આ પ્રયોજન કરેલ છે, આશા છે આ અંકશાસ્ત્રની સુભગ સંજોગો દર્શાવતી વાસ્તવિકતા સુરૂચિપૂર્વક આવકારશો.

ભારતની આઝાદીનો ઇતિહાસ સર્વવિદિત છે, એથી એ વિશે વધુ લખવાનો પ્રશ્ન અસ્થાને છે, પરંતુ ભારતની આઝાદીની તારીખ ૧ પમી ઓગસ્ટ, ૧૯૪૭ છે તે બાબતને ધ્યાને રાખીએ તો જણાશે કે વર્ષના મહિનાઓની જે ગણતરી કરીએ છીએ તેમાં ઓગસ્ટ માસ ઉતરાર્ધનો ભાગ ગણાય અને આ બાબત અલગ જ સંકેત આપવા માટે કારણભૂત છે કે નહિં તે જાણવાનું અને વિચારવાનું મન થાય ખરૂં!

ભારતના અત્યાર સુધીના જે વડાપ્રધાનોનો જન્મનો મહિનો અને તેઓના વડાપ્રધાન પદના કાર્યકાળનો જે સમયગાળો છે તેની જાણકારી મેળવીએ તો જણાશે કે આ સત્ય ઘટનાક્રમ એક સુભગ, સંયોગ દર્શાવે છે, સહેજ વિસ્તારથી સમજીએ... આ માટે બે અલગ-અલગ પત્રકોમાં વિગતેથી માહિતી સાદર કરેલ છે જેનો તલસ્પર્શી અભ્યાસ કરવો જરૂરી છે.

પત્રક-૧ માં અત્યાર સુધીની સ્થિતિએ (તા.૩૧-૩-૨૦૧૪) દરેક વડાપ્રધાનોની જનમ તારીખ અને કાર્યકાળ તેમજ સાથોસાથ 'ભારતરત્ન'ની બાબતનો ઉલ્લેખ થયેલ છે.

પત્રક-૨ માં જન્મના મહિના પ્રમાણ દરેક વડાપ્રધાનોના સમય અને વર્ણને ચાર ભાગમાં વહેંચીને ત્રણ-ત્રણ માસ મુજબની ગણતરી સાથે વિગતો આપવામાં આવેલ છે.

હવે આપણે આંકડાકીય રીતે મહત્ત્વની બાબત અંગે આંકલન કરીએ તો જણાશે કે ભારતના કુલ ૧૪ વડાપ્રધાનોની જન્મ તારીખ - મહિનો અને વડાપ્રધાન તરીકેનો કાર્યકાળનો સમય એક દિશા સૂચક બનીને એક અલગ જ ગણિતીય બાબત દર્શાવે છે અને અમુક માસમાં જેનો જન્મ થયો છે. તે મહાનુભાવનો કાર્યકાળનો સમય સૌથી વધુ જોવા મળે છે. આમ તર્કશાસ્ત્રની ગણતરી અને સિદ્ધાંત મુજબ ભવિષ્યની ઘટનાઓ ભૂતકાળની જેમ જ થશે કે કેમ? તે અંગે આંકલન કરવા પ્રેરણા આપે છે.

પત્રક-૨ મુજબનું તારણ ખુબ જ રસપ્રદ છે અને તે મુજબ :

(૧) જાન્યુઆરીથી માર્ચ માસ દરમિયાન જે વડાપ્રધાનનો જન્મદિવસ આવે છે તેમાં માત્ર એક જ મહાનુભાવ મુ. મોરારજી દેસાઇનો સમાવેશ થાય છે, જેઓના કાર્યકાળ ૮૫૬ દિવસ જેટલો છે.

(૨) એપ્રિલથી જૂન માસમાં કુલ ત્રણ વડાપ્રધાનોનો સમાવેશ થાય છે, જેઓનો કુલ સમયગાળો ૨૪૫૮ છે.

(૩) જુલાઇથી સપ્ટેમ્બર માસમાં કુલ ૪ વ્યક્તિઓ ભારતના વડાપ્રધાન પદે બિરાજમાન થયાં હતા. જેઓ કાર્યકાળનો કુલ સમયગાળો તા. ૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ ૫૬૭૬ દિવસ જેટલો થવા જાય છે. (હાલના વડાપ્રધાન મનમોહન સિંહજીનો જન્મનો મહિનો સપ્ટેમ્બર છે, તેથી)

(૪) અને અંતિમ ત્રણ માસની ગણતરી અંગે મૂલ્યાંકન કરીએ તો જણાશે કે આ સમયગાળામાં સૌથી વધુ ૬ વ્યક્તિઓ વડાપ્રધાન પદે બિરાજમાન થયેલ, અને કુલ કાર્યકાળનો સમયગાળો ૧૫૩૧૪ દિવસ જેટલો છે.

આમ સમગ્રપણે જોઇએ તો વાસ્તવિકતા નજરે એ આવે છે કે વર્ષના અંતિમ ત્રણ મહિનાઓમાં જે લોકોનો જન્મ દિવસ આવે છે. તેઓની સંખ્યા વધુ છે અને તેઓના કુલ કાર્યકાળનો સમય પણ અન્ય સમયગાળા કરતાં વધુ જોવા મળેલ છે, અહીં એક અન્ય બાબત પણ નજર સમક્ષ આવેલ છે કે, નવેમ્બર અને સપ્ટેમ્બર એમ બે મહિનામાં જન્મદિવસ ધરાવતી વ્યક્તિઓનો કાર્યકાળ અન્ય કોઇ પણ બે મહિનાની સાપેક્ષમાં વધુ જોવા મળે છે.

વર્ષના ચાર-ચાર માસની ગણતરીને ધ્યાને રાખીએ તો જણાશે કે વર્ષના અંતિમ ચાર માસ (સપ્ટેમ્બર-ડિસેમ્બર) દરમિયાન જે વ્યક્તિઓનો જન્મ દિવસ આવે છે તેવી કુલ ૭ વ્યક્તિઓ ભારતના વડાપ્રધાન પડે બીરાજમાન થવામાં ખુબ જ સફળ થયા છે અને સમગ્રપણે કુલ સમયગાળો ૧૮૮૮૩ દિવસ જેટલો થવા જાય છે, જે અત્યાર સુધીના કુલ કાર્યકાળ ૨૪૩૦૪ દિવસની સાપેક્ષમાં લગભગ ૭૭.૭૦% જેટલો છે, જે પણ અચરજ પમાડે તેવી બાબત છે. તો શું તર્કશાસ્ત્રની દૃષ્ટિએ એમ અનુમાન કરી શકાય કે, જે વ્યક્તિ વિશેષનો જન્મનો મહિનો વર્ષના અંતિમ ચાર માસમાં આવતો હોય તેવી વ્યક્તિઓ ભારતના ભાવિ વડાપ્રધાન બનવા સૌથી વધુ ભાગ્યવાન ગણાય/ગણાશે?

ભારતના દરેક વડાપ્રધાનોનો જન્મનો ઇતિહાસ અને તેઓના જન્મના ગ્રહોને આધારે કદાચ તેઓ ભારતના વડાપ્રધાન પદે બિરાજમાન થયા હશે, પરંતુ તેઓના જન્મના મહિના મુજબ એક અલગ પ્રકારની સાંયોગીક હકીકત બનાવવામાં પણ તેઓ ધ્વારા અપાયેલ રોચામંક ફાળો આશ્ચર્યજનક છે અને વાસ્તવિકતા સ્વીકારવી રહી.

આ ઘટનાક્રમને આપણે સૌ કેવી રીતે વિવેકબુદ્ધિ પ્રમાણે આંકલન કરીએ છીએ એ અલગ બાબત છે.

અન્ય એક અવલોકન મુજબ ભારતના વડાપ્રધાનોના નામ મુજબની તેઓની રાશી વિશે પણ પરિણામો જોવા જેવા છે.

(૧) મેષ રાશી : સૌથી વધુ ૪ વડાપ્રધાનોનો સમાવેશ થાય છે.

(અ.લ.ઇ.) : અટલબિહારી બાજપઇ, લાલ બહાદુર શાસ્ત્રી, ઇન્દિરા ગાંધી અને આઇ.કે. ગુજરાલ.

(૨) સિંહ રાશી : ડૉ. મનમોહનસિંહ અને મોરારજીભાઇ દેસાઇ (મ.ટ) - ૨ વડાપ્રધાનોનો સમાવેશ થાય છે.

(૩) મીન રાશી : ચૌધરી ચરણસિંહ અને ચંદ્રશેખર - અહીં (દ.ચ.જ.ઝ) પણ બે વડાપ્રધાનોના નામ આવે છે.

સમગ્રપણે જોઇએ તો ભારતના વડાપ્રધાનો દ્વારા જે વાસ્તવિકતા આપણી નજર સમક્ષ રાખેલ છે તેનું આંકલન રસપ્રદ બનેલ છે અને તર્ક તરફ અનુમાન કરવા પ્રેરે છે. આ સંજોગોમાં ભારતના ભવિષ્યના વડાપ્રધાન આ આંકલનનો ભાગ બને છે કે અન્ય નવા સમીકરણો સર્જન કરશે તે જાણવું રસપ્રદ બનશે. ભારતના ઉજ્જવળ ભવિષ્યની શુભકામના સાથે અસ્તુ.

ભારતના પ્રધાન મંત્રીશ્રીઓની માહિતી : પત્રક-૧

તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધી

ક્રમ.	પ્રધાનમંત્રીશ્રીનું નામ	જન્મ તારીખ	કાર્યકાળનો સમય ગાળો તારીખથી / તારીખ સુધી	કૂલ સમય ગાળો	મૃત્ય-તિથિ	ભારત રત્ન મળેલ છે?
૧.	શ્રી જવાહરલાલ નહેરૂ	૧૪-૧૧-૧૮૮૯	૧૫-૮-૪૭ / ૨૭-૫-૬૪	૬૧૩૪ દિવલ	૨૭-૫-૬૪	હા
૨.	શ્રી ગુલજારીલાલ નંદા	૦૪-૦૭-૧૮૯૮	૨૭-૫-૬૪ / ૦૯-૬-૬૪	૧૩ દિવસ	૧૫-૧-૯૮	હા
૩.	શ્રી લાલ બહાદુર શાસ્ત્રી	૦૨-૧૦-૧૯૦૪	૦૯-૬-૬૪ / ૧૧-૧-૬૬	૫૮૧ દિવસ	૧૧-૧-૬૬	હા
૪.	શ્રી ગુલજારીલાલ નંદા	૦૪-૦૭-૧૮૯૮	૧૧-૧-૬૬ / ૨૪-૧-૬૬	૧૩ દિવસ	૧૫-૧-૯૮	હા
૫.	શ્રીમતી ઇન્દિરા ગાંધી	૧૯-૧૧-૧૯૧૭	૨૪-૧-૬૬ / ૨૪-૩-૭૭	૧૧ વર્ષ ૫૯ દિવસ	૩૧-૧૦-૮૪	હા
૬.	શ્રી મોરારજી દેસાઇ	૨૯-૦૨-૧૮૯૬	૨૪-૩-૭૭ / ૨૮-૭-૭૯	૮૫૬ દિવસ	૧૫-૪-૯૫	હા
૭.	શ્રી ચૌધરી ચરણસિંહ	૨૩-૧૨-૧૯૦૨	૨૮-૭-૭૯ / ૧૪-૧-૮૦	૧૭૦ દિવસ	૨૯-૫-૮૭	-
૮.	શ્રીમતી ઇન્દિરા ગાંધી	૧૯-૧૧-૧૯૧૭	૧૪-૧-૮૦ / ૩૧-૧૦-૮૪	૪ વર્ષ ૨૯૧ દિવસ	૩૧-૧૦-૮૪	હા
૯.	શ્રી રાજીવ ગાંધી	૨૦-૦૮-૧૯૪૪	૩૧-૧૦-૮૪ / ૨-૧૨-૮૯	૧૮૫૮ દિવસ	૨૧-૫-૯૧	હા
૧૦.	શ્રી વીપી સિંહ	૨૫-૦૬-૧૯૩૧	૦૨-૧૨-૮૯ / ૧૦-૧૧-૯૦	૩૪૩ દિવસ	૨૭-૧૧-૦૮	-
૧૧.	શ્રી ચંદ્રશેખર	૦૧-૦૭-૧૯૨૭	૧૦-૧૧-૯૦ / ૨૧-૦૬-૯૧	૨૨૩ દિવસ	૦૮-૦૭-૦૭	-
૧૨.	શ્રી પી.વી.નરસિંહ રાવ	૨૮-૦૬-૧૯૨૧	૨૧-૦૬-૯૧ / ૧૬-૦૫-૯૬	૧૭૯૧ દિવસ	૨૩-૧૨-૦૪	-
૧૩.	શ્રી અટલબિહારી બાજપાઇ	૨૫-૧૨-૧૯૨૪	૧૬-૦૫-૯૬ / ૦૧-૦૬-૯૬	૧૬ દિવસ	-	હા
૧૪.	શ્રી એચ.ડી.દેવગૌડા	૧૮-૦૫-૧૯૩૩	૦૧-૦૬-૯૬ / ૨૧-૦૪-૯૭	૩૨૪ દિવસ	-	-
૧૫.	શ્રી આઇ.કે.ગુજરાલ	૦૪-૧૨-૧૯૩૩	૨૧-૦૪-૯૭ / ૧૯-૦૩-૯૮	૩૩૨ દિવસ	૩૦-૧૧-૧૨	-
૧૬.	શ્રી અટલબિહારી બાજપાઇ	૨૫-૧૨-૧૯૨૪	૧૯-૦૩-૯૮ / ૨૨-૦૫-૦૪	૨૨૫૬ દિવસ	-	હા
૧૭.	ડૉ. મનમોહનસિંહ	૨૬-૦૯-૧૯૩૨	૨૨-૫-૦૪ થી હાલમાં હોદ્દા પર	ચાલુ	-	-

ભારતના પ્રધાન મંત્રીશ્રીઓની જન્મના મહિના પ્રમાણેની કાર્યકાળની માહિતી

તા.૩૧-૩-૨૦૧૪ સુધીની માહિતી

ક્રમ	જન્મનો મહિનો	પ્રધાનમંત્રી નામ	કાર્યકાળનો સમયગાળો તારીખથી / તારીખ સુધી	કૂલ સમય ગાળો	ત્રિમાસિક સમય ગાળો	જન્મની રાશી